
# વર્ષ 1



**પ્રિય નમન,**

આજે આપણાં લગ્નને બરાબર એક વર્ષ પૂરું થયું.

આ પત્ર તને લખું છું ત્યારે વીતેલું એક વર્ષ મારી નજર સામે આવીને ઊભું રહી જાય છે. હું તને પહેલી વાર મળી ત્યારે મનોમન નક્કી કરીને આવી હતી – દાદી અને મમ્મીનો આગ્રહ છે એટલે તને મળવું, પણ એવું ભયાનક વર્તવું કે તું જ મને લગ્નની ના પાડી દે. હવે હસવું આવે છે, કેટલું બાલિશ અને મૂર્ખતાપૂર્ણ વર્તન કર્યું હતું મેં! તું મને કહે એ પહેલાં જ મેં તને કહી દીધું, 'મને રસોઈ કરતાં નથી આવડતું. હું નોકરી નહીં છોડું. મારે વરુણ નામના એક છોકરા સાથે અફેર હતો. એની સાથે હું દસ દિવસ સિંગાપોર એકલી રહી આવી છું.'

કોણ જાણે બીજું શું શું કહ્યું હતું મેં... પણ તું? ચહેરા પર સ્મિત સાથે મારી વાત સાંભળતો રહ્યો. લગભગ દસેક મિનિટ એકશ્વાસે બોલી લીધા પછી સામે પડેલો પાણીનો ગ્લાસ ઉપાડીને મેં મોઢે માંડ્યો અને તેં, એ જ સ્મિત સાથે મને કહ્યું, 'મને પણ રસોઈ નથી આવડતી, હું પણ નોકરી નહીં છોડું, મારે કૉલેજમાં અનેક ગર્લફ્રેન્ડ્સ હતી. અમેરિકામાં ભણતો હતો ત્યારે અનેક તક હોવા છતાં મારે કોઈ અફેર થયો નહીં, પણ થયો હોત તો હું પણ એની સાથે લીવ-ઇન રહ્યો જ હોત...'

હું પહોળી આંખે તારી સામે જોઈ રહી.

તું કઈ જાતનો માણસ છે એ મને ત્યારે સમજાયું જ નહોતું. બલકે, મને લાગ્યું કે તું મારી વાત કાં તો સમજ્યો નથી અને કાં તો તેં ગંભીરતાથી લીધી નથી.

ત્યારે મને ખબર નહોતી કે હું તને મળું એ પહેલાં પપ્પાએ તને બધું જ સાચેસાચું જણાવી દીધું હતું. એ બધું જાણ્યા પછી તું મને મળવા તૈયાર થયો હતો. એટલે હું જે કંઈ કહી રહી હતી એ બધી વાતની તને પહેલેથી જ ખબર હતી.

નમન, આજે ત્રણસો ને પાંસઠ દિવસના લગ્નજીવન પછી મારે તને એક વાત કહેવી છે. તે દિવસે જો તેં લગ્ન કરવાની ના પાડી હોત તો મેં જિંદગીનું એક મોટામાં મોટું સુખ ગુમાવી દીધું હોત.

હું સાત વર્ષની હતી ત્યારથી પપ્પા મને પત્રો લખતા. મારી દર વર્ષગાંઠે એ મને ગિફ્ટની સાથે એક પત્ર આપતા. મારા પપ્પાના એ પત્રો મારા જીવનનો સૌથી મોટો ખજાનો છે. આજે જ્યારે એ પત્રો વાંચું છું ત્યારે મને સમજાય છે કે મારા ઉછેરમાં એ પત્રોનો કેટલો મોટો ફાળો છે.

તારાં મમ્મી હમણાં જ એક દિવસ કોઈને કહેતાં હતાં, 'આસ્થા જેવી વહુ આજના જમાનામાં મળી શકે એવી મને કલ્પના નહોતી.'

ત્યારે મને સમજાયું કે હું જે કંઈ છું તેમાં મારા પપ્પાના પત્રોએ કેટલો મોટો ભાગ ભજવ્યો છે. જિંદગીની નાની નાની વાતોને કાગળ પર ઉતારીને એમણે કાયમ માટે મારા હૃદયમાં જડી દીધી! તને ખબર છે નમન, આજે પણ જ્યારે હું ગૂંચવાઉં છું, અકળાઉં છું કે મને કોઈ વાતનો જવાબ નથી મળતો ત્યારે હું મારા પપ્પાના પત્રો લઈને બેસું છું. સાતથી પચીસ વર્ષ સુધી લખાયેલા આ ઓગણીસ પત્રોમાંથી મને મારા સવાલનો જવાબ મળી જ રહે છે. એથી આગળ વધીને મારું બાળપણ, મારી કિશોરાવસ્થા કે મારાં એ વખતનાં સંવેદનો પપ્પાના પત્રોમાંથી જીવતાં થઈને મારી અંદર ફરી એક વાર ધબકવા લાગે છે. હું ફરી એ જ દિવસોમાં પહોંચી જાઉં છું, જ્યારે આ પત્રો લખાયા હતા...

એવું જ થતું હશે નમન, પત્રો ફોટોગ્રાફ્સની જેમ સમયને ફ્રીઝ કરી દેતા હશે, નહીં? ફોટામાં જેમ ક્ષણોને કેદ કરી લેવાની શક્તિ હોય છે એમ પત્રો પણ વીતેલા સમયખંડને ફરી એક વાર પાછો લઈ આવતા હશે.

મને કદાચ મોહ હશે આપણી જિંદગીના આ સમયખંડને ફ્રીઝ કરી દેવાનો. આપણે સાથે જીવેલી ક્ષણેક્ષણ શાશ્વત બની જાય એવું ઝંખતી હોઈશ હું? આ મોહ હશે મારો? હોય તોયે એમાં શું ખોટું છે? સુખનો સમય સતત રહે એવું દરેક માણસ ઇચ્છે છે... હું પણ એક સામાન્ય માણસ છું અને આપણા આ લગ્નજીવનની શરૂઆતના દિવસોનો સમય આમ જ સ્થિર થઈ જાય એવું ઇચ્છું છું.

તને હસવું આવશે એની મને ખબર છે, પણ તને મળી ત્યારે તારા પ્રેમમાં નહોતી. વરુણને મળી ત્યારે એમ માનતી હતી કે પ્રેમ કર્યા વિના લગ્ન કરાય જ કેવી રીતે? જે વ્યક્તિને આપણે ઓળખતા ના હોઈએ, ચાહતા ના હોઈએ એની સાથે જિંદગી વિતાવવાનો નિર્ણય કઈ રીતે થઈ શકે? પણ પપ્પા અને મારા ઘરના સહુની ઇચ્છા જોતાં મને લાગ્યું કે તને 'ના' પાડવાનું મારી પાસે કોઈ કારણ નથી! ત્યારે પણ મનોમન લાગતું હતું કે આ એક નાનકડું સમાધાન છે, જે હું જિંદગી સાથે કરી રહી છું. ત્યારે માનતી હતી કે પ્રેમ તો વરુણને કરી લીધો, હવે જિંદગીમાં ફરી પ્રેમ નહીં થાય... ફિલ્મો અને નવલકથાઓની અસર નીચે હું પણ એમ માનતી હતી કે પ્રેમ એક જ વાર થાય. અત્યારે વિચારું છું ત્યારે નવાઈ લાગે છે કે આપણે જે વાતથી ભાગવા માંડીએ એ જ વાત અંતે આપણને પોતાની પાસે ખેંચી લે છે. પ્રેમ માણસમાત્રને આકર્ષે છે. પ્રેમમાં હોવાની અનુભૂતિથી કોઈ બચી શકતું નથી. ખરેખર તો આપણને પ્રેમમાં હોવાના વિચાર સાથે જ પ્રેમ થઈ જાય છે. કોઈ આપણને ચાહે છે - એના સુખની વ્યાખ્યા આપણા વિના પૂરી નથી થતી અથવા તો એ દુઃખી હોય ત્યારે એને સૌથી પહેલો આપણો વિચાર આવે છે એ લાગણી જ કેટલી તૃપ્તિ આપનારી છે. હું જાણું છું કે તું આવું બધું બોલતો નથી... કદાચ સમજતો પણ નથી. તારે માટે લગ્ન એ એક ગંભીરતાથી લીધેલો નિર્ણય છે, એક જવાબદારી છે.

તને યાદ છે? આપણે હનિમૂન પર હતાં ત્યારે તેં મને કહ્યું હતું, 'મારે માટે લગ્ન એ એક 'કામ' છે – જૉબ છે, જે મારે યોગ્ય ઉંમરે કરી લેવાની હતી. જેમ બારમા ધોરણ પછી કારકિર્દીનો નિર્ણય, કારકિર્દીના નિર્ણયની સાથે ભણવું અને ઉજ્જ્વળ કારકિર્દી માટેનો પ્રયાસ, નોકરી, પ્રમોશનની જેમ જ મારા લિસ્ટમાં લગ્ન એક અગત્યનું કામ હતું. મેં પતાવી દીધું.

હું તારી જેમ લગ્નને રોમૅન્ટિક સપનાની જેમ કે પ્રેમના પર્યાય તરીકે નથી જોઈ શકતો.' મને આઘાત લાગેલો. હું બોલી નહોતી... પણ હું તને જોતી રહી ગયેલી...

એક માણસ આટલો બધો પ્રૅક્ટિકલ કેવી રીતે હોઈ શકે? મને સવાલ થયેલો.

હું તો નાનાં-નાનાં સુખોમાં રાચતી, ફૂલ અને પતંગિયાંની દુનિયામાં જીવતી, પરિકથાઓને સાચી માનતી, એક તદ્દન કલ્પનાશીલ – રોમેન્ટિક વ્યક્તિ છું, ને તું તદ્દન વિરુદ્ધ! જિંદગીની સચ્ચાઈઓ સાથે સ્પષ્ટતાથી વાતચીત કરી શકતો એક વ્યવહારુ માણસ! એ વખતે મને વિચાર આવેલો કે, તને પરણીને મેં ભૂલ કરી નાખી હતી? પણ પછી મને સમજાયું કે બંને માણસો એકસરખા હોય તો સંબંધ સંભવી શકે જ નહીં. એક વર્તુળ બનાવવા માટે બે સામસામે ગોઠવાઈ શકે એવાં અડધિયાં જોઈએ. કોઈ એક આકૃતિને પૂરી કરવા માટે એક જ તરફના બે ભાગ ન ચાલે... આકર્ષણ તો ચુંબકના બે વિરુદ્ધ ધ્રુવો વચ્ચે જ હોઈ શકે. સમાન ધ્રુવો ક્યારેય એકબીજાંને આકર્ષી શકે નહીં.

નમન, આપણા આ એક વર્ષના સહવાસ દરમિયાન હું તને જેટલો ઓળખી શકી છું એના પરથી એક વાત કહી શકું છું કે જે તને ઓળખે એ તને પ્રેમ કર્યા વિના ન રહી શકે. હું પણ તને જેમ ઓળખતી ગઈ છું તેમ તેમ તને પ્રેમ કરવા લાગી છું એવું કહું તો એમાં કંઈ ખોટું નથી. નદી પાસે બાંધેલા ઘાટનાં પગથિયાં આપણે ધીમે ધીમે ઊતરીએ અને એક પછી એક પગથિયું ઊતરતાં જેમ પગ, ઘૂંટણ, કમર, પેટ, છાતી અને ગળા સુધી પાણી આપણને ભીંજવી નાખે એમ જ આ સંબંધના ઘાટે બાંધેલાં પગથિયાં હું ઊતરી રહી છું. તારી પ્રકૃતિ, તારી સમજદારી અને તારો સ્નેહ મને ભીંજવી રહ્યાં છે...

અત્યાર સુધી હું માનતી હતી કે માથા પરથી વહી જાય એનું નામ પ્રેમ! જે આપણને નખશિખ ડુબાડી દે, શ્વાસ પણ ન લેવા દે એવી તીવ્ર અનુભૂતિનું નામ પ્રેમ છે. પ્રેમ વિશે મારી વ્યાખ્યાઓ હવે મને જ હાસ્યાસ્પદ લાગે છે. તારી સાથે જીવી રહી છું ત્યારે સમજાય છે કે તારી સાથે એવો પ્રેમ કદાચ ક્યારેય સંભવ નહીં બને. તું ડૂબી જવામાં માનતો જ નથી, તને તો તરતાં આવડે છે! ને તું, મને પણ તરતાં શિખવાડી રહ્યો છે.

તેં મને કહ્યું હતું કે તું પ્રેમમાં માનતો જ નથી... જે હોય છે તે સમજદારી હોય છે. બે વ્યક્તિઓ એકબીજાંની સાથે જીવે એમાં સૌથી મોટો ફાળો એમની સમજદારીનો છે. પણ નમન, પ્રેમ છે, પ્રેમ હોય છે... પ્રેમ થઈ જાય છે અને દરેક માણસને જિંદગીમાં એક વાર પ્રેમ થવો જોઈએ. તો જ એને સમજાય કે તમારા સમગ્ર અસ્તિત્વની બહાર નીકળીને કોઈના માટે જીવી જવું એટલે શું!

મોટા ભાગના લોકો માને છે કે લગ્ન થાય એટલે પ્રેમ ઘટી જાય છે... ધીમે ધીમે પ્રેમ લગ્નમાં ઓગળીને પૂરો થઈ જાય છે... લગ્ન પહેલાં પ્રેમમાં પડેલા લોકોને કદાચ મારી વાત ન સમજાય, પણ તને સાચું કહું તો મને લગ્ન પછી પ્રેમ થયો છે. આપણા સંબંધમાં પ્રેમ મોગરાના ફૂલની જેમ ધીરે ધીરે ઊઘડ્યો છે... સાચું કહું તો હજી ઊઘડી રહ્યો છે.

ખરેખર, આજે આ લખવા બેઠી છું ત્યારે મને સમજાય છે કે હું અને તું જાણે એકબીજાં માટે જ બન્યાં છીએ. મારી બેવકૂફી, સંવેદનશીલતા, નાની નાની વાતમાં રડી પડવાની અને ખોટું લગાડવાની આદત, મારી ઇન-સિક્યોરિટી, દરેક વાતને મજા લઈ લઈને કહેવાની મારી ટેવ, મારાં નાનાં નાનાં સુખ અને માઇક્રોસ્કોપમાંથી દેખાતાં દુઃખ, એ બધાંની સામે તારું ધીર-

ગંભીર અને પ્રૅક્ટિકલ હોવું, અમુક બાબતોની બેફિકરાઈ, પરિસ્થિતિને સ્થિરતાથી મૂલવવાની તારી આદત, ઉશ્કેરાઈ નહીં જવા જેટલો સ્વયં પરનો સંયમ અને સૌથી અગત્યની વાત, મને જેવી છું તેવી સ્વીકારવાની તૈયારી... આ બધું કુલ મળીને એક એવો સંબંધ રચે છે, જેને હું મારી જિંદગીનો સૌથી અગત્યનો સંબંધ માનું છું. આજે જ્યારે આ પત્ર તને મળશે ત્યારે તને હસવું આવશે એવી મને ખબર છે. મને એવી પણ ખબર છે નમન કે તું કદાચ અત્યારની મારી લાગણીને સમજી નહીં શકે...

આ લખતાં લખતાં મારી આંખમાં પાણી આવે છે, ડૂમો ભરાઈ આવે છે. મારા પપ્પા મને હંમેશાં કહેતા કે બે લોકો વચ્ચે સરખામણી નહીં કરવાની. બંને પોતપોતાની જગ્યાએ જુદા છે અને શક્ય છે કે બંને સાચા હોય! તેમ છતાં આ ક્ષણે વરુણ સાથેના ટૂંકા અને ઇન્ટેન્સ સંબંધની સરખામણી કર્યા વિના હું રહી શકતી નથી. સિંગાપોરના મારા દસ દિવસના નિવાસ દરમિયાન મેં જિંદગીનો શ્રેષ્ઠ રોમૅન્સ માણ્યો હશે... વાઇન, કસીનો, ડાન્સ, મોડી રાત્રીનાં ડ્રાઇવ્સ, વૈભવી ઘર... ફૂલો અને ચૉકલેટ્સનો વરસાદ કર્યો હતો એણે મારા પર, પરંતુ મને બહુ ઝડપથી સમજાઈ ગયું કે આ થોડા દિવસની ટ્રીપ હોઈ શકે, જીવનભરનો સાથ નહીં!

રોજરોજ રેસ્ટોરાંમાં ન જમી શકાય... અંતે તમને ઘરનાં ભાખરી-શાક જ યાદ આવે એવી રીતે સુખ બહારની વસ્તુઓમાંથી મેળવવાનો પ્રયાસ માણસને અંદરથી પોલો કરી નાખે છે. વરુણને જેમ જેમ ઓળખતી ગઈ તેમ તેમ મને સમજાયું કે ઉપરથી જે ચમકતું હતું એ શબ્દોનું ગિલેટ હતું. અંગ્રેજી ભાષાના ઉત્તમ શબ્દપ્રયોગો, ફૅન્સી જીવનશૈલી અને ઝાકઝમાળથી ચકાચોંધ થઈ જવાય એવી રફતાર જીવવા માટે નકામી છે.

રોલરકૉસ્ટરની રાઇડ થોડીક ક્ષણોની મજા માટે બરાબર છે. એમાં સાહસ અને રોમાંચ બંને છે, પણ જો એ થોડી મિનિટોને બદલે કલાકો ચાલે તો ટૉર્ચર બની જાય!

– આસ્થા

■

# વર્ષ 1

## ડિયર મિસિસ આસ્થા નમન પટેલ

તમારો પત્ર મળ્યો. વાંચતાં વાંચતાં થાકી ગયો.

તારી લાગણીને એપ્રિસિએટ કરું છું, પણ સમજી નથી શકતો!

આસ્થા, તું બહુ સરસ વ્યક્તિ છે. ચોખ્ખા હૃદયની, પ્રેમાળ... ઇમોશનલ... સેન્સિટિવ.પણ, મને લાગે છે કે આટલું બધું એક્સ્પ્રેશન મારાથી કદાચ ક્યારેય નહીં થઈ શકે.

સ્કૂલમાં હતો ત્યારે ઇંગ્લિશ અને ગુજરાતીના પેપરમાં પાંચ માર્ક માટે પત્રલેખન કરતો. કૉમ્પ્રિહેન્શનમાં પુછાય તે. પણ એમાં તો રજાચિઠ્ઠી, મિત્રને પત્ર, બહારગામ રહેતા કાકાને વૅકેશન ઊજવવા માટે આવવાનું આમંત્રણ... વગેરે વગેરે...

પત્નીને પત્ર લખતાં સ્કૂલમાં નથી શીખવ્યું!

એની વે, તું મને ઓળખે છે અને સમજે છે એમ માની લઉં છું.

એનિવર્સરીએ મારે તને એક જ વાત કહેવાની છે – હું એક જવાબદાર પતિ બનવાનો પ્રયાસ કરીશ. તારું ધ્યાન રાખીશ, તને જિંદગીમાં કોઈ તકલીફ ન પડે, સંઘર્ષ ન કરવો પડે એવો પ્રયાસ કરીશ, પણ મારી પાસેથી ઇન્ટેન્સ ઇમોશન કે અભિવ્યક્તિની અપેક્ષા રાખીશ તો કદાચ તારે જ દુ:ખી થવું પડશે.

મારે માટે ચાહવું એટલે જેને ચાહતા હોઈએ એને સુખી રાખવું. બસ!

હેપ્પી એનિવર્સરી માય વાઇફ.

અને, થેંક યુ ફોર યૉર લેટર.

– નમન

# વર્ષ 2

## પ્રિય નમન,

ગયા વર્ષે તું પત્ર વાંચતાં વાંચતાં થાકી ગયેલો!

આ વર્ષે ટૂંકો લખવાનો પ્રયત્ન કરીશ, પણ તારી સાથે વાત કરું તો મારાથી ટૂંકમાં વાત નથી થતી...

એક વર્ષ – ત્રણસો ને પાંસઠ દિવસ – ૮૭૬૦ કલાક – ૫૨૫૬૦૦ મિનિટો આપણે સાથે વિતાવી – તું હમણાં જ કહીશ કે ખરેખર? આપણે આટલો બધો સમય સાથે વિતાવ્યો?

કાશ, આપણે આ સમય સાથે વિતાવી શક્યા હોત! આખા વરસની એકેએક મિનિટ આપણે એકબીજાંના સાંનિધ્યમાં ગાળી હોત! મને ખબર છે નમન, તને આવા બધા વિચારો વાહિયાત અને ફૂલીશ રોમૅન્ટીસિસ્ટ વિચારો લાગે છે, પણ હું તો આ વિચારમાત્રથી જ ખુશ થઈ જાઉં છું.

તું અને હું... હું અને તું... સતત એકબીજાંની સાથે હોઈએ એવો સમય આપણા હનિમૂન પછી આવ્યો જ નથી. ખરું પૂછો તો હનિમૂનમાં પણ એવો સમય ક્યાં હતો? તું તારા લૅપટૉપ પર બિઝી હતો ને હું રાહ જોતી રહેતી કે તું ક્યારે થોડોક અવકાશ મેળવીને ફક્ત મારામાં જ ખોવાઈ જાય.

સાચું પૂછો તો હનિમૂનથી શરૂ કરીને આજ સુધી હું એ પળની રાહ જોઈ રહી છું.

આપણી વચ્ચે ફક્ત એકબીજાં વિશે કે એકબીજાં માટે થતી વાતચીત પણ લગભગ નહીંવત છે. ઑફિસ, મિત્રો, મમ્મી-પપ્પા, કપડાં, વાંચેલાં પુસ્તકો, શૅરબજાર, મુંબઈની ગરમી જેવા અનેક વિષયો છે આપણી પાસે, પણ તું ફક્ત મારા વિશે અને હું ફક્ત તારા વિશે બોલવાનું નક્કી કરીએ તો આપણે પાંચ-પાંચ વાક્યો પણ ભાગ્યે જ બોલી શકીએ! તારી સાથે મારી જિંદગીનાં બે આખાં વર્ષ વિતાવ્યાં પછી પણ હું તને કેટલો ઓછો ઓળખું છું.

ગઈ કાલે હું ટીંડોળાંનું શાક બનાવતી હતી ત્યારે મમ્મીએ લસણ નાખવાનું કહ્યું. તું ટીંડોળાંનું શાક લસણ વગર નથી ખાતો એ વાતની ખબર જ મને ગઈ કાલે સાંજે પડી! લગ્નનાં બે વર્ષ પછી.

એવી જ રીતે ગયા અઠવાડિયે મમ્મીએ માળિયા પરથી અમુક વસ્તુઓ ઉતરાવી ત્યારે એમાં મ્યુઝિકની નોટ્સ લખેલા તારા ચોપડા મળ્યા. તું ક્યારેક ગિટાર વગાડતો હતો એ પણ મારે માટે તો નહીં સાંભળેલા સમાચાર હતા. નમન, પતિ-પત્ની એકબીજાં વિશે કદાચ બધું જ ન જાણી શકે, પરંતુ જાણવા જેવી વસ્તુઓ તો એમણે જાણવી જોઈએ એવું તને નથી લાગતું?

હજુ થોડા દિવસ પહેલાં મમ્મી સાથે વાતો કરતાં એમણે મને કહ્યું કે, 'તું નિકિતાની ખૂબ નજીક હતો.' એમણે ચોખ્ખા શબ્દોમાં એવું તો ન કહ્યું કે નિકિતા તને ગમતી હતી... એમને કદાચ એવું લાગ્યું હશે કે હું આ જાણીને દુઃખી થઈશ અથવા અપસેટ થઈશ. મને તારા વિશે જાતજાતના વિચારો આવશે. પણ નમન, મને એવું કંઈ નથી થયું. ખરેખર તો હું તને પહેલી વાર મળી ત્યારે તેં કહ્યું કે તારા જીવનમાં આજ સુધી કોઈ છોકરી કે સ્ત્રી નથી આવી ત્યારે જ મને નવાઈ લાગેલી. તું કેટલો બધો દેખાવડો છે, બુદ્ધિશાળી છે, ઉજ્જ્વળ કારકિર્દી ધરાવે છે... સામાન્ય રીતે કોઈ પણ છોકરી તારા પ્રકારના છોકરાથી આકર્ષાઈને નજીક આવવાનો પ્રયત્ન તો કરે જ! મમ્મીએ નિકિતાની વાત એકદમ જ વાળી લીધી, પણ મને એટલું ચોક્કસ સમજાયું કે નિકિતાએ મિનેશને પોતાનો જીવનસાથી બનાવવાનું નક્કી કર્યું એનાથી તને દુઃખ પહોંચ્યું હતું. તેં નિકિતાને ક્યારેય કહ્યું નહીં કે તું એને ચાહે છે.

નમન, મનની વાત સામેની વ્યક્તિને આપોઆપ કઈ રીતે ખબર પડે? તેં એક વાર એને કહ્યું હોત એ પછી એણે ના પાડી હોત તો ખોટું લગાડીને સંબંધ તોડવાનો અધિકાર કદાચ તને મળી શકત. આમ તો હું એવું નથી માનતી કે એ પછી પણ સંબંધ તોડવો જોઈએ... તમારી લાગણીનો અસ્વીકાર એ સામેની વ્યક્તિનો અધિકાર છે. તું નિકિતાને જે દૃષ્ટિએ જુએ એ જ દૃષ્ટિએ એણે તને જોવો એવી ફરજ તો ન જ પાડી શકાય ને?

આપણી વચ્ચેના સંબંધનો વિચાર કરે તો તને મારી વાત સહેલાઈથી સમજાશે. હું તને જેટલો પ્રેમ કરું છું અથવા તારી સાથે જે પ્રકારના પ્રેમની અભિવ્યક્તિની મને અપેક્ષા છે એવું તું ક્યાં કરી શકે છે? પણ તેથી તારા માટેનો મારો પ્રેમ ઓછો નથી થતો... તું મારી અપેક્ષા પૂરી ન કરે એથી હું તને ન ચાહું? એવું તો કઈ રીતે બને નમન?

જો એવું જ હોત તો અત્યાર સુધીમાં તો આપણે ઝઘડા થવા લાગ્યા હોત. મારે માટે લગ્નની શરૂઆતના દિવસોની કલ્પના કોઈ સુમધુર પ્રકારની કવિતા જેવા દિવસોની હતી. વહેલી સવારના ઝાકળની જેમ તું મારા હોઠ પર ટપકે, મારા હોઠ ફૂલની જેમ ઊઘડે અને મારા રોમેરોમથી તારી સુગંધ આવે એવા સંબંધની કલ્પના લઈને હું આ ઘરમાં આવી હતી.

આપણી વચ્ચે એવું કશું જ થયું નહીં.

આપણે ક્યારેક બહાર જતા હોઈએ ને હું તને પૂછું કે શું પહેરું? તો તું હંમેશાં જવાબ આપે છે, "તને જે ગમે તે."

પણ, મારે તો તને ગમતું પહેરવું હોય છે!

એવી જ રીતે જ્યારે આપણે બહાર જમવા જઈએ ત્યારે કે કંઈ ખરીદીએ ત્યારે કે સાંજે મિત્રોને ત્યાં જઈએ ત્યારે તું તારો અભિપ્રાય ભાગ્યે જ આપે છે. નમન, મને સાચે જ તારા ગમા-અણગમા ઓળખવા છે. તને જાણવો છે, સમજવો છે, તારી અંદર પ્રવેશી જવું છે, તારા મનમાં રહેવું છે મારે.

તારા વિચારો જાણી લેવા છે. રક્તકણો થઈને તારા લોહીના પ્રવાહમાં વહેવું છે. તારા સુખમાં, દુઃખમાં મારે તારી સાથે રહેવું છે. ભવિષ્યની કલ્પના તારી સાથે મળીને કરવી છે.

હું રોજ એવું ઝંખ્યા કરું છું નમન કે મારી રાત તારા બાહુપાશમાં ઢળી જાય ને સવારે મારી

આંખ ઊઘડે ત્યારે મને સૌથી પહેલો તારો ચહેરો દેખાય, પણ હું જાગું છું ત્યારે તો તું તારા યોગ અને કસરતમાં બિઝી હોય છે. એક અલસ વહાલભરી સવાર તારા પડખામાં પડે એવી તરસ મારા રોમરોમમાં વ્યાપી જાય છે. ચાના કપ સાથે આપણે ક્યાંય સુધી વાતો કર્યા કરીએ, ચા ઠરી જાય પણ વાતો ના ખૂટે એવી સવારો મેં કલ્પી છે, પણ આપણે જીવ્યા નથી! તેથી શું નમન? આપણો સંબંધ અધૂરો છે એમ માની લઉં?

ના, તું તારી રીતે અને હું મારી રીતે જીવી રહ્યાં છીએ. આપણી જીવવાની રીત જુદી છે. વિચારો અલગ છે અને પ્રેમ વિશેની કલ્પના વળી એથીયે અલગ...

તું તે દિવસે પાર્ટીમાં પ્રેમ વિશે બોલતો હતો ત્યારે હું તને નવાઈથી સાંભળતી રહી. તેં કહ્યું કે, 'પ્રેમ નરી કલ્પના છે. જાતને ખુશ કરવા માટે આપણે અનેક રમકડાં આપીએ છીએ, પ્રેમ એમાંનું એક રમકડું છે. ખરેખર પ્રેમ જેવું કંઈ હોતું નથી. હિન્દી ફિલ્મો અને નવલકથાઓ, કવિતાઓએ કારણ વગર પ્રેમને બહુ ગ્લૉરીફાય કર્યો છે. મેં આજ સુધી પ્રેમનો અનુભવ નથી કર્યો.'

જ્યારે મમ્મીએ નિકિતા વિશે કહ્યું ત્યારે મને લાગ્યું કે આ વિચારો નિકિતાના ચાલી ગયા પછી જ તારી અંદર જન્મ્યા હશે. તું એના વિશે જે કંઈ અનુભવતો હતો એ પ્રેમ નહોતો નમન? કે પછી તેં એને પણ આવું બધું કહીને જ તારાથી દૂર કરી નાખી? કોઈ સ્ત્રીને તમે સતત એમ કહ્યા કરો કે તમે પ્રેમમાં માનતા જ નથી તો એ સ્ત્રી કયા બળે તમારી આસપાસ ટકી રહે? કઈ શ્રદ્ધાએ તમને ચાહી શકે? શું માગે તમારી પાસે પ્રેમ સિવાય?

આપણી વચ્ચે સપ્તપદીનાં વચનો છે. લગ્નસંસ્થાનું બૉન્ડ છે એટલે આપણે જુદી રીતે જીવીએ છીએ. સાચું કહું? નિકિતાની જગ્યાએ હું હોત તો કદાચ મેં પણ એની જેમ વિચાર્યું હોત...

નમન, સ્ત્રીનાં સુખો બહુ નાનાં નાનાં હોય છે. કોઈ એને ચાહે છે, ઝંખે છે, એના વિના ઉદાસ છે એટલો વિચારમાત્ર એને સુખી કરી શકે છે. પોતે કોઈના જીવનમાં મહત્ત્વની વ્યક્તિ છે એ લાગણી જ એને સુખ આપે છે. એને માટે પ્રિયજન તરફથી અપાતી ભેટ અગત્યની છે એ સાચું, પણ એ ફૂલ છે કે હીરા, એનાથી એને ફેર નથી પડતો. સ્ત્રી માટે એટલું સાંભળવું જ પૂરતું છે કે હું તને યાદ કરતો હતો... એ પછીની બધી જ વાતો એને માટે અચાનક નગણ્ય કે ક્ષુલ્લક બની જાય છે.

પતિની સાથે વિતાવેલો સમય સ્ત્રીના આખા દિવસમાં સૌથી અગત્યનો સમય હોય છે. આંખ ઊઘડે ત્યારથી ઘરના સહુ સભ્યોનાં કામ કરતી... પોતાનો વ્યવસાય કે નોકરી કરતી... બાળકોને સંભાળતી સ્ત્રી સાંજના એ સમયની રાહ જોતી રહે છે, જ્યારે પતિ ઘરે આવે. બંને જણાં થોડી મિનિટો કે કલાકો સાથે વિતાવે. 'સાથે'નો અર્થ સાથે ટીવી જોવું નહીં, સાથે જમવું નહીં, સાથે બાળકોને ભણાવવા નહીં, સાથે બેસીને પોતપોતાનું કામ કરવું એવું પણ નહીં જ. સાથે એટલે ફક્ત એકબીજાં માટે કાઢેલો સમય. એકબીજાંની સાથે વહેંચાતી દિવસભરની વાતો નાનાં નાનાં સુખો અને અણગમતી પળોની ચર્ચા... કદાચ થોડું વહાલ.

નમન, આપણે આ બધો સમય સાથે નથી વિતાવ્યો. ચોવીસમાંથી દસ કલાક આપણે કામ કરીએ છીએ. આઠ કલાક ઊંઘી જઈએ છીએ. બચ્યા છ કલાક. એમાંથી ત્રણેક કલાક રોજિંદાં

કામોમાં કાઢી નાખીએ તો રહ્યા ત્રણ કલાક... એ ત્રણ કલાક પણ સતત એકબીજાંની સાથે નથી વિતાવતાં આપણે.

તું ઑફિસથી આવીને તારા લૅપટૉપમાં ખોવાઈ જાય છે ને હું રસોડામાં ગુમ થઈ જાઉં. ડિનર કરતાં કે સવારનો નાસ્તો કરતાં થોડી વાર આપણે સાથે હોઈએ છીએ, પણ ત્યારે મમ્મી-પપ્પા ય હાજર હોય છે. આપણે ભાગ્યે જ પૂરેપૂરા એકબીજાં માટે કે એકબીજાંની સાથે હોઈએ છીએ.

તને લાગશે કે હું ફરિયાદ કરું છું. કદાચ થોડી ફરિયાદ છે પણ... નમન, હું તને મિસ કરું છું. લગ્નજીવનનાં બે વર્ષ પછી પણ હું તારી સાથે જીવું છું એવું મને લાગતું જ નથી. તું વહેંચાયેલો, વિખરાયેલો, વેરાયેલો રહે છે એવું લાગ્યા કરે છે મને. તું લૅપટૉપ પર કામ કરતો હોય ત્યારે પથારીમાં મૅગેઝિન કે પુસ્તક લઈને હું જાગ્યા કરું છું. વાંચવામાં ચિત્ત નથી ચોંટતું. પુસ્તક કે મૅગેઝિન તો તારી પ્રતીક્ષાનું બહાનું છે. મૂળ તો મારા મનમાં એવી ઝંખના હોય છે કે તું આમાંથી મુક્ત થાય અને મને સમય આપે.

હું તારા વહાલ માટે, તારા સ્પર્શ માટે તરસી જાઉં છું નમન...

સેક્સ અને વહાલ વચ્ચે ફરક છે. શારીરિક ઇચ્છા સંતોષવા માટે તું હાથ લંબાવે અને તારો હૂંફાળો હાથ મારી ત્વચા પર ફરતો હોય ત્યારે એક પુરુષની ભૂખ સમજાય છે મને... પણ એ ભૂખ વગરની નર્યાનીતર્યા વહાલથી તરબતર તારી હથેળી મારી ત્વચા પર ફરતી હોય ત્યારે મને અજબ જેવા સુખ અને સુકુનનો અનુભવ થાય છે.

આપણી વચ્ચે ભાગ્યે જ આવું કશું બને છે.

સેક્સ લગ્નજીવનમાં અગત્યનું છે. 'સમભોગ' સ્ત્રી-પુરુષના સંબંધને જોડતો પુલ છે... બધું સાચું, પણ લગ્નજીવનનાં બે વર્ષ પછી શરીર વિશેનાં એ કુતૂહલ અને ઝંખનાઓ થોડાં ઠંડાં પડ્યાં છે. હવે મને ભૂખને બદલે તરસ લાગે છે... તારા વહાલની તરસ, તારા સ્પર્શની તરસ, તારી હથેળીમાંથી વહેતા હૂંફાળા લાગણીભર્યા હેતની તરસ, તારી આંગળીનાં ટેરવાંથી મારી ત્વચામાં સિંચાતા સ્નેહની તરસ...

તું મારી બાજુમાં સૂતો હોય અને છતાંય મારા ગળામાં શોષ પડે છે, મારી ત્વચા તરડાય છે... વરસાદ વગરની જમીનમાં જેમ તિરાડો પડી જાય એમ માની ત્વચામાં તિરાડો પડશે એવો ભય લાગે છે મને.

નમન, તને નથી દેખાતી, નથી સંભળાતી, નથી અનુભવાતી મારી આ તરસ?

હું તારા શબ્દ માટે, તારા સ્પર્શ માટે, તારા સમય માટે, તારા સાંનિધ્ય માટે તરફડું છું. લગ્ન કરીને ઘરમાં લાવીને મૂકી દીધેલી એક વસ્તુની જેમ ન વરત મારી સાથે. પ્લીઝ નમન!

પતિ-પત્નીનો સંબંધ સંવાદિતાનો સંબંધ છે. એકબીજાંની સાથે જોડાયેલાં બે શરીરો એમના મન, હૃદય, આત્મા, પ્રકૃતિ અને પ્રાણથી પણ જોડાવાં જોઈએ... તને સાચું કહું તો છેલ્લા થોડા સમયથી આપણા 'સમભોગ'માં પણ જાણે તું ફરજ પૂરી કરતો હોય એવું લાગ્યા કરે છે મને. તારું ધ્યાન તારા ફોનમાં કે ક્યારેક ચાલુ રહી ગયેલા ટી.વી.ના સમાચારોમાં વધારે હોય છે.

શારીરિક નિકટતાની એ અપ્રતીમ ક્ષણો પછી હું તારી સાથે વાતો કરવા, વહાલ કરવા ઉતાવળી હોઉં છું અને તું થોડી જ મિનિટોમાં પડખું ફરીને ઊંઘવા લાગે છે. મારી બાજુમાં હાથ

લંબાવીને અડી શકું એટલે દૂર સૂતો હોવા છતાં તું અચાનક યોજનો દૂર થઈ જાય છે નમન. આપણી વચ્ચે બે સમયખંડ જુદા પડી જાય છે.

હું જાણું છું કે આ પત્ર લાંબો થઈ ગયો છે, પણ મારે જે વાત કહેવી હતી એ ટૂંકમાં કહી શકાય એવી નહોતી. આપણા સંબંધને જો સમયસર પાણી નહીં પિવડાવીએ, ખાતર નહીં નાખીએ તો કદાચ આ સંબંધ ધીમે ધીમે મૂરઝાઈ જશે. ફ્લાવર વાઝમાં મૂકેલાં ફૂલો જેવો કે ઇકેબાના, ગાર્નેટની ગોઠવેલી ડિઝાઇન જેવો સંબંધ કેવી રીતે જીવી શકાય નમન?

આ બધું તને શબ્દોમાં નથી કહી શકતી એટલે લખી નાખ્યું છે. હું માનું છું કે તું મારી વાત સમજી શકીશ. એ વિશે વિચારીશ અને જવાબ આપીશ. આ સાથે તારે માટે થોડાં પુસ્તકો મૂક્યાં છે. બીજી એનિવર્સરીની ભેટ છે એમ માની લેજે. રજનીશ, લિન્ડા ચાર્લી બ્લૂમનું '૧૦૧ થિન્ગ્સ આઈ વિશ આઈ ન્યૂ વ્હેન આઈ ગોટ મૅરીડ', ગેરી સ્મેલીનું 'ધ જૉય ઑફ કમિટેડ લવ - અ હેન્ડબુક ફોર હસબન્ડ'ની સાથે સાથે થોડા પત્રોનાં પુસ્તકો પણ મૂક્યાં છે. અમ્રિતા પ્રીતમના ઇમરોઝ પર લખાયેલા પત્રો 'સુનેહડે'. રવીન્દ્રનાથ ટાગોર અને ઓકેમ્પોના એકબીજાં પર લખાયેલા પત્રો, નેહરુ અને એડ્વિનાના પત્રોનાં ત્રણ પુસ્તકો મૂક્યાં છે.

આ એવાં પુસ્તકો છે, જે કદાચ તને મારી લાગણી સમજવામાં મદદ કરશે.

વાંચીશ નમન?

વિશ યુ એ વેરી હેપ્પી એનિવર્સરી... આવનારાં વર્ષોમાં આપણે એકબીજાંને વધુ સમજીએ અને એકબીજાંની વધુ નજીક આવી શકીએ એવું ઇચ્છું છું - ઝંખું છું - માગું છું.

લવ યુ માય હસબન્ડ...

– તારી આસ્થા

# વર્ષ 2

## વહાલી આસ્થા,

તારા ડેડી તને આ જ સંબોધનથી પત્રો લખતા હતા ને?

સ્વીટહાર્ટ, આટલું લાંબું અને આટલા વ્યવસ્થિત વિચારો સાથે તું કઈ રીતે લખી શકે છે? એક પછી એક ફકરો જાણે સીડીનાં પગથિયાં ચડતા હોઈએ એમ એકબીજાં સાથે ગૂંથાયેલો, એક પછી જ બીજો વાંચી શકાય એટલી અદ્‌ભુત ગૂંથણી સાથે ગૂંથાયેલો!

ડાર્લિંગ, ફરી કહું છું કે હું આટલું લાંબું વાંચવા ટેવાયેલો નથી.

તારા પત્રો વાંચતાં થાકી જાઉં છું તો વળી ત્રીજા માણસે ચોથાને લખેલા પત્રો વાંચીને શું કરું?

લગ્નજીવન પરનાં પુસ્તકો પણ મને બહુ આકર્ષતાં નથી. મને એવું લાગે છે કે કોઈ પણ એક વ્યક્તિના લગ્ન વિશે બીજી વ્યક્તિ કશું કહી શકે જ નહીં. જેમ દરેક માણસ જુદો હોય છે એમ પ્રત્યેક લગ્ન પણ જુદું જ હોય છે અને એ લગ્નની સમસ્યા પણ પોતાની આગવી અને અલગ સમસ્યા હોય છે.

મેં તારી વાત વાંચી છે, સમજવાનો પ્રયાસ કરીશ.

પણ તને એક વાત કહી રાખું આસ્થા, વહાલ અને સેક્સ મારા માટે જુદા નથી. હું કદાચ તને સ્નેહથી સ્પર્શવા આવું તો પણ તારી સુંવાળી ચામડીને અડકતાં જ મારી અંદર તને પામી લેવાની, તને મારામાં ઓગાળી દેવાની ઇચ્છા જાગી ઊઠે છે.

તારા શરીરના વળાંકો મારી અંદરના પુરુષને ઉશ્કેરી મૂકે છે. તું જેને સમભોગ કહે છે, મારે માટે એ મારા સ્નેહની જ અભિવ્યક્તિ છે. સહેજ વિચાર તો કર, લગ્નનાં બે વર્ષે પણ હું તને અછડતું અડી જાઉં તોય મારી અંદર તારા શરીરની તરસ જાગે છે.

આસ્થા, ભૂખ અને તરસ જુદા નથી – ન હોઈ શકે. શરીરની બાબતમાં તો નહીં જ.

છતાં, તને ન ગમતું હોય તો હવે પછી તને સમજીને, તારા મૂડને ઓળખીને પછી જ સેક્સ સુધી જઈશ. બીજી એક વાત તને કહી દઉં. હું દિવસભરનો થાકેલો હોઉં છું. સેક્સ મને રિલેક્સ કરી નાખે છે. મારી અંદર ધગધગી ગયેલું લોહી ઊકળીને શાંત થઈ જાય છે. તને પામ્યા પછીની ક્ષણો મારા માટે ભરપુર સુખની, પરમ શાંતિની અને તૃપ્તિની ક્ષણો હોય છે. ત્યારે મને ઊંઘ આવે છે...

હું તને અવગણું છું, તારા સ્નેહને નથી સમજતો કે તારી સાથે વાત નથી કરવા માગતો એવું નથી... પણ આખા દિવસનો થાક અને શિથિલ થઈ ગયેલું શરીર– પરમ તૃપ્તિની અને શાંતિની એ ક્ષણોમાં ડૂબીને હું ઊંઘી જાઉં છું.

હું તને ચાહું છું આસ્થા, મારે માટે તું આજે પણ એટલી જ 'હૉટ' છે, જેટલી મને પહેલી વાર લાગી હતી. રહ્યો સવાલ વાતો કરવાનો, તો એ મારી પ્રકૃતિ નથી. તારે કંઈ કહેવું હોય તો હું સાંભળું જ છું...

લેપટોપની સામે તારી ફરિયાદો સાંભળીને લાગે છે કે જાણે એ લેપટોપ નહીં, મારા જીવનમાં આવેલી બીજી સ્ત્રી હોય!

લવ યુ આસ્થા.

અને હા, હેપી એનિવર્સરી...

જેની સામે તેં ફરિયાદનો ટોપલો ખોલી નાખ્યો છે એવો 'બિચારો પતિ'

– નમન

■

# વર્ષ 3

## પ્રિય પતિદેવ,

લગ્નનાં ત્રણ વર્ષ પૂરાં થાય ત્યારે કદાચ બધી જ પત્નીઓ મારા જેવું અનુભવતી હશે. હું આજે આ ક્ષણે વિચારું છું ત્યારે લાગે છે કે જિંદગીના એક હજાર દિવસ આપણે સાથે જીવ્યાં, પણ એ દિવસો ખરેખર 'સાથે' જેવા હતા ખરા ?

આપણી વચ્ચે અચાનક એક અંતર આવી ગયું છે. આમ તો આપણે બંને જણાં એક જ ઘરમાં જુદા જુદા પ્રકારની જિંદગી જીવી રહ્યાં હતાં. ગયે વર્ષે મેં તને આ બાબતમાં લખ્યું હતું. આપણી વચ્ચે જે સંવાદ થવો જોઈએ તે હજી થયો નથી, નમન. તને લાગશે કે હું છેલ્લાં ત્રણ વર્ષથી એકની એક જ વાત કર્યા કરું છું, પણ સાચું કહું તો મને એ વાત સિવાય કશું સૂઝતું જ નથી.

હું જે કુટુંબમાંથી આવું છું એ કુટુંબમાં હું સાવ જુદી રીતે ઊછરી છું. અમારે ત્યાં સંવાદ એ સ્નેહની પહેલી અભિવ્યક્તિ છે. જે બે વ્યક્તિઓ એકબીજાં સાથે વાત ન કરી શકે એમની વચ્ચે બીજો કોઈ પણ સંબંધ કઈ રીતે ઊભો થાય?

હું ફરિયાદ કે કચકચ નથી કરતી નમન, પણ મારે હૃદયથી હૃદયનો સંબંધ જોડવો છે. મનથી મન વચ્ચે એક પુલ બનાવવો છે.

હજી હમણાં જ જ્યારે તમારી ઑફિસમાં પ્રૉબ્લેમ્સ ચાલતા હતા ત્યારે તમે મોડી રાત સુધી જાગતા, ફોન પર કેટલાય કલાકો ઑફિસ પૉલિટિક્સની ચર્ચા કર્યા કરતા. મેં જ્યારે તમને પૂછ્યું કે, શું થયું છે? ત્યારે તમે કહ્યું, 'તું જાણીને શું કરીશ? તું મારી કોઈ મદદ નહીં કરી શકે.'

ત્યારે મને ખૂબ જ દુઃખ થયું હતું. એટલા માટે નહીં કે તમે મને મદદ કરવાને યોગ્ય નથી માનતા, પરંતુ એટલા માટે કે તમે મારી સાથે તમારા મનની વાત વહેંચવાને લાયક નથી ગણતા. નમન, હું સ્ત્રી છું. વાત સાચી! સ્ત્રી-પુરુષ વચ્ચેના સંબંધોમાં કદાચ પુરુષ વધુ સક્ષમ, વધુ બળવાન પરિસ્થિતિ સાથે કામ પાડવા વધુ યોગ્ય હોય છે એવું સમાજ માને છે. સ્ત્રી પ્રમાણમાં ઈમોશનલ - લાગણીશીલ, સેન્સિટિવ - સંવેદનશીલ હોય છે એ વાત સાચી છે, પરંતુ શિવાજીની મા જીજાબાઈ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, પદ્મિની, ગાર્ગી, લીલાવતીથી શરૂ કરીને કલ્પના ચાવલા અને કિરણ બેદી જેવા દાખલા આપણી પાસે છે જ.

મારે તમને સલાહ આપવી છે કે તમને કશું શીખવવું છે કે તમારી ઑફિસના કામમાં માથું મારીને તમને પજવવા છે એવું નથી. મારે માત્ર તમારી સમસ્યા સાંભળવી છે, સમજવી છે. બની શકે તો તમારું ટેન્શન ઘટાડવું છે. તમે ક્યારેય કોઈની સાથે ખૂલીને વાત નથી કરી એટલે

તમને નહીં સમજાય નમન, પણ હું તમને સાચું કહું? પોતાના મનની વાત કહી દેવાથી ઘણું રિલેક્સ અને સારું ફિલ થાય છે. તમે મારી સાથે વાત કરો એ દરમિયાન ક્યાંક કહેતાં કહેતાં જ તમને તમારી સમસ્યાનો ઉકેલ જડી આવે એવું પણ બને.

આપણા દેશનાં લગ્નોમાં એક બહુ મોટી વાત એ છે કે પુરુષો ક્યારેય સ્ત્રીને સમોવડી ગણતા નથી! 'સમોવડી' એટલે સમાન અધિકારો ધરાવતી વ્યક્તિ - એટલું જ નહીં, પણ સમોવડી એટલે પોતાની સાથે બેસાડીને પોતાના મનની વાત કહી શકાય એવી, પોતાના જેટલી જ સમજદાર - પોતાના જેટલી જ મજબૂત અને પોતાના જેટલી જ લૉજિકલ ગણવામાં પુરુષોને કદાચ એનો અહમ્ ઘવાતો લાગતો હશે?

હું જો મારી બધી જ વાત તમને કહી શકું તો તમે કેમ નહીં? જ્યારે આપણાં લગ્ન થયાં ત્યારે સપ્તપદીનાં સાત વચનોમાંનું છેલ્લું અને સાતમું વચન હતું, 'સપ્તમે સખા ભવઃ' એનો અર્થ થાય છે, સાત પગલાં સાથે ચાલ્યા પછી પતિ-પત્ની મિત્રો બની જાય છે. આપણે શા માટે મિત્રો નથી બની શક્યાં, નમન?

હું જાણું છું કે તમારો ઉછેર જુદી રીતે થયો છે. મારા પિતાના કઝિન્સ અને અમારાં બીજાં સગાંઓનાં ઘરોમાં હું જોઉં છું કે સ્ત્રી-પુરુષના ઉછેર વચ્ચે એક વિચિત્ર પ્રકારનો ભેદભાવ હોય છે. દીકરો રડે તો એને એમ કહેવામાં આવે કે, 'તું છોકરી છું?'

ઘરનાં કામકાજ અને બીજી વસ્તુઓ છોકરીને શીખવવામાં આવે. છોકરો ઘરનાં કામમાં રસ લે તો તરત એમ કહેવામાં આવે કે, 'બૈરું છે? આ બધું તારે કરવાની જરૂર છે?'

નમન, હું પણ પટેલની જ દીકરી છું. સમજું છું પટેલ સમાજમાં દીકરીને જરા જુદી રીતે ઉછેરવામાં આવે છે, પરંતુ મારા પપ્પાએ મને બીજી દીકરીઓ કરતાં જુદી રીતે ઉછેરી છે. હું એમ નહીં કહું કે મને દીકરાની જેમ ઉછેરી છે... કારણ કે આપણે જ્યારે એમ કહીએ છીએ કે, દીકરીને દીકરાની જેમ ઉછેરી છે ત્યારે આપણે મનોમન એવું સ્વીકારી લઈએ છીએ કે દીકરીનો ઉછેર દીકરા જેવો નથી થતો! સરખામણી કોની થાય, નમન? જ્યારે બે જુદા હોય ત્યારે જ તો સરખામણી થઈ શકે... અને આપણે જ્યારે કોઈ વધુ સારી બાબતની ચર્ચા કરતા હોઈએ ત્યારે જ એવું કહીએ કે, આના કરતાં પેલી વાત વધુ સારી છે... એવી જ રીતે દીકરીને જ્યારે 'દીકરાની જેમ' ઉછેરવાની વાત કરીએ છીએ ત્યારે આપણે દીકરીનો ઉછેર ઓછો મહત્ત્વનો છે એવું આપોઆપ જ સ્વીકારી લઈએ છીએ.

નમન, હું તમારી અર્ધાંગિની છું. એક તરફનું અર્ધું અંગ. બીજા તરફના અર્ધા અંગ કરતાં જુદું હોઈ શકે ખરું ? જો તમે મજબૂત છો તો હું પણ છું... તમે સમજદાર છો, તો હું પણ છું... જો તમે મારા ટેન્શનનો ભાર લઈ શકતા હો તો હું પણ તમારા ટેન્શનનું વજન ઊંચકી શકું છું... આપણે એક રથનાં બે પૈડાં હોઈએ તો એક મોટું અને બીજું નાનું હોય એવું બને?

મારે 'સમોવડી' થવામાં તમારા જેટલા અધિકાર નથી જોઈતા, પણ તમારી જેટલી ફરજો છે એ બધી જ મારી પણ છે એમ માનીને જો તમે મને તમારી 'જીવનસંગિની - જીવનસાથી - જીવનમિત્ર' ગણશો તો મને વધુ આનંદ થશે.

મારે તમારી પાસે જો કંઈ માગવાનું હોય તો એ છે તમારો મારા પરનો વિશ્વાસ.

હું વિશ્વાસ ચારિત્ર્યના સંબંધમાં નથી કહેતી, નમન! સમાજ જ્યારે પતિ-પત્નીના સંબંધોની

ચર્ચા કરે છે ત્યારે 'વિશ્વાસ'ને આગવું મહત્ત્વ આપે છે. આપણે ઘણી વાર સાંભળ્યું છે કે લગ્નજીવનનો પાયો 'વિશ્વાસ' પર ઊભો છે ! આ વિશ્વાસ શું ફક્ત એકબીજાંના ચારિત્ર્યની ચર્ચા છે? આ વિશ્વાસની વાત કરીએ ત્યારે આપણે ફક્ત એકબીજાંને વફાદાર રહેવાની ચર્ચા કરીએ છીએ? ના, નમન... વિશ્વાસ એટલે કોઈ પણ પરિસ્થિતિમાં કોઈ પણ સમયે એકબીજાંની સાથે ઊભા રહેવાની હિંમતનો વિશ્વાસ... વિશ્વાસ એટલે એકબીજાંની તકલીફમાં એકબીજાંનો હાથ પકડીને કપરો સમય પસાર કરી જવાનો વિશ્વાસ... આપણો જીવનસાથી આપણને બરાબર સમજી શકશે અથવા આપણે જરૂર છે ત્યારે એ આપણી સાથે જ છે એ વાતને વિશ્વાસ કહેવાય.

અને, આ રીતે જોઈએ તો મને સમજાય છે કે આપણી વચ્ચે હજી સુધી જોઈએ તેવો વિશ્વાસ ઊભો થઈ શક્યો નથી. એવું કેમ થયું છે, નમન? હું ક્યાંય ખોટી છું? હું તારી અપેક્ષાઓમાં ખરી નથી ઊતરી? નમન, સાચું કહું ? મને એવું લાગે છે કે આપણી વચ્ચે હજી સુધી ખરેખર હોવો જોઈએ એવો સંબંધ થઈ જ નથી શક્યો. હું આ વિશે ફરિયાદ નથી કરતી, પણ ચિંતિત છું.

પતિ-પત્નીના સંબંધમાં ખરેખર સહેજ પણ અંતર ના હોવું જોઈએ... એમના અંતર એક હોવા જોઈએ. આવું હું માનું છું. જો આપણે સરખું વિચારીએ તો જ એકબીજાંની સાથે સુખી થઈ શકીશું. મારા પપ્પાએ મને એક વાર લખેલું કે, પતિ-પત્ની એકબીજાંની સામે નહીં જુએ તો ચાલશે, પણ એક દિશામાં જુએ એ બહુ જરૂરી છે... પણ હું એવું અનુભવી શકું છું કે આપણે જુદી જુદી દિશામાં જોઈ રહ્યાં છીએ અને જ્યાં સુધી આપણે જુદી જુદી દિશામાં જોતાં રહીશું ત્યાં સુધી આપણે દેખાતાં દૃશ્યો પણ જુદાં જ હશે અને એનું અર્થઘટન પણ જુદું જ હશે. એમાંથી નીકળતી લાગણીઓ પણ જુદી જ રહેવાની, નમન! અને જ્યારે પતિ-પત્નીની લાગણીઓ એક ફ્રિક્વન્સી પર ન હોય ત્યારે એમની વચ્ચે કોઈ સંવાદ થઈ શકતો નથી.

સંવાદની ગેરહાજરીમાં વિસંવાદ આવે છે અને વિસંવાદ અંતે વિવાદ સુધી પહોંચી જાય છે...

જેમ અજવાળાની ગેરહાજરીમાં અંધારું હોય છે એમ જ સંવાદની ગેરહાજરીમાં વિસંવાદ આપોઆપ પ્રગટ થઈ જાય છે. પતિ-પત્નીને સાંકળી રાખતો તાંતણો એ બંનેની વચ્ચે આપોઆપ પ્રગટતો સંવાદ છે. કેટલીક વાર કહ્યા વિના પણ વાતો વ્યક્ત થઈ જતી હોય છે... પણ આપણી વચ્ચે વ્યક્ત થવા કરતાં અવ્યક્ત વધુ ઘૂંટાતું રહ્યું છે.

નમન, આજે જ્યારે આપણે એક નવા મુકામ પર પહોંચ્યાં છીએ ત્યારે મારે તને એક જ વાત કહેવાની છે... જ્યાં સુધી આપણે બંને એકબીજાંની સાથે ઓતપ્રોત થઈને - એકબીજાંમાં ઓગળીને - એકબીજાંમાં સંપૂર્ણ વિશ્વાસ સાથે એકબીજાંને પૂરેપૂરાં સમજીને જીવતાં નહીં શીખીએ ત્યાં સુધી આપણું દાંપત્ય અધૂરું છે, આપણો સાથ અધૂરો છે, આપણું અસ્તિત્વ પણ અધૂરું જ છે, નમન...

આજના આ દિવસે મને લાગે છે કે ત્રણ વર્ષના આપણા સહજીવનને ખરેખર 'સહનિવાસ'થી વધુ કશું કહી શકાય નહીં. આપણે એકબીજાંની સાથે જીવ્યાં, પણ હજુ સુધી એકબીજાં માટે જીવી શક્યાં નથી.

મારે માટે લગ્ન એ પ્રેમ છે... રોમાન્સ છે, મિત્રતા છે... કંપની છે, દલીલ છે, ઝઘડો છે...

હા નમન, આ લખું છું ત્યારે સમજાય છે કે આપણી વચ્ચે ઝઘડો પણ નથી થતો. હું માનું છું કે ઝઘડો પણ સંવાદનું એક સ્વરૂપ છે. બે વ્યક્તિઓ ખુલ્લા દિલે પોતાના અણગમા ચર્ચી શકે એટલો નિકટનો સંબંધ હોય તો જ એને જીવનસાથી કહેવાય! મને સારું લાગશે કે

ખરાબ, એનો વિચાર કર્યા વિના તું મને મારી ભૂલો બતાવી શકે... મને કંઈ ન ગમતું હોય તો એ કહેવા માટે મારે તારા મૂડ કે મિજાજની ચિંતા ન કરવી પડે એટલું નિકટ તો આપણે હોવું જોઈએ ને? હું જોઈ શકું છું કે તું મારી સાથે વાત કરતી વખતે શબ્દો ગોઠવીને, તોળીને બોલે છે... ક્યારેક ગુસ્સો આવી જાય તો પણ મેં જોયું છે કે તું એ ગુસ્સાને દબાવી દઈને રૂમની બહાર નીકળી જાય છે.

આપણે ગુસ્સો કોના પર કરીએ? જે આપણી નિકટ હોય... જે આપણા મનને સમજી શકે અને જેની સામે વ્યક્ત થતી વખતે આપણે કોઈ ગણતરીઓ ન કરવી પડે એવી વ્યક્તિ પર ગુસ્સો થઈ શકે. હું તારી એટલી નજીક નથી પહોંચી શકી?

મને આ ડિસ્ટન્સ - અંતર - દૂરી - ખાલી જગ્યા સતત તકલીફ આપે છે. હું તારા જીવનનો ભાગ નહીં, તારું જીવન બની જવા માગું છું. આજના સમયમાં કરાતી સ્પેસ - મોકળાશ અને પોતપોતાની આગવી જિંદગીઓની વાત મારે ગળે નથી ઊતરતી, સમજાય છે તને?

એવી જ રીતે 'ફૅમિલી પ્લાનિંગ' પણ મને નથી સમજાતું. પતિ-પત્નીના શારીરિક સંબંધમાંથી જન્મ લેતો એમનો વંશ, એમનું સંતાન કોઈ નિશ્ચિત તારીખ કે સમયે એની માના ઉદરમાં કેવી રીતે રોપાઈ શકે? જીવન તો સ્વયંભૂ છે, સ્વયં પ્રગટ થાય. ખળખળ વહેતા પાણી જેવું છે... એની જાતે જ, એની મરજીથી વહે - કે વરસે! વિજ્ઞાન ગમે તેટલું આગળ વધે, પણ આપણે ધાર્યા સમયે વરસાદ પાડી શકીએ છીએ ખરા? એક્ઝેટ કેટલા વાગ્યે વરસાદ આવશે એવી આગાહી આપણી પાસે છે? આપણે સૂર્યોદયની આગાહી કરી શકીએ છીએ, સૂર્યાસ્તની આગાહી કરી શકીએ છીએ, ટ્રેનના આવવા-જવાના સમય નિશ્ચિત છે, પણ જીવન પ્રગટવાનો સમય આપણે કઈ રીતે નક્કી કરી શકીએ?

નમન, આજથી થોડા દિવસ પહેલાં જ્યારે મેં તને કહ્યું કે, હું તારા બાળકની મા બનવાની છું ત્યારે મને હતું કે તું ખુશ થઈ જઈશ... તને અત્યંત આનંદ થશે. લગ્નનાં ત્રણ વર્ષ પછી બાળકનો જન્મ એ આનંદ સિવાય બીજી કઈ લાગણી હોઈ શકે?

પરંતુ જ્યારે મેં કહ્યું ત્યારે તારું રિઍક્શન કંઈ વિચિત્ર હતું. તેં કહ્યું કે, આટલું જલદી?

મને નવાઈ લાગી. હું ૨૮ વર્ષની છું, નમન. મા બનવા માટે આ સાચો અને યોગ્ય સમય છે. આપણી આર્થિક પરિસ્થિતિ પણ સારી જ છે. આપણે બંને જણાં સારું કમાઈએ છીએ, બચત પણ સારી છે... બાળકના ભવિષ્યને સરસ રીતે ગોઠવી શકીએ એટલાં સમજદાર અને ભણેલા છીએ. એ પછી તને એવું કેમ લાગ્યું કે હમણાં બાળક નથી જોઈતું ?

મને આઘાત લાગ્યો હતો... સામાન્ય રીતે પુરુષ પોતાના સંતાનના સ્વરૂપે ફરી જન્મે છે. પત્નીના ઉદરમાંથી ફરી પ્રગટવા માટે લગભગ દરેક પુરુષ ઉતાવળો હોય છે. એને બદલે આપણે ત્રણ વર્ષ પ્રતીક્ષા કરી. એ પછી પણ જ્યારે મેં તને સમાચાર આપ્યા ત્યારે તારે માટે એ સમાચાર બહુ આનંદથી ઊભરાઈ જવાય એવા નહોતા એવું મને લાગ્યું.

એટલું ઓછું હોય એમ મેં તને સમાચાર આપ્યા એના બીજા અઠવાડિયે તેં મને પૂછ્યું, "તારે ખરેખર આ બાળક જોઈએ છે?"

હા નમન... મારે આ બાળક જોઈએ છે. માણસને જેટલી તીવ્રતાથી પોતાની જિંદગી વહાલી હોય એટલી જ તીવ્રતાથી હું આ બાળકને ઝંખું છું. મારા ઉદરમાં આકાર લઈ રહેલું આ બાળક મને મારા પોતાના જીવતા હોવાનો અહેસાસ કરાવે છે. હું 'મા' બનવાની છું એ વિચારમાત્ર

મારે માટે સુખનો વિચાર છે. માણસના શરીરમાંથી પ્રગટતો માણસ એ કુદરતનો અદ્‌ભુત કરિશ્મા છે. હું હજીયે કલ્પી નથી શકતી કે મારા આટલા નાનકડા પેટમાં, જેમાં એક રોટલી પણ વધારે સમાતી નથી એમાં આ આખેઆખો જીવ કઈ રીતે સમાતો હશે?

આજની એનિવર્સરીએ હું પુનઃજન્મની ભેટ આપું છું નમન. માણસના જિન્સ એના વંશ મારફ્તે આગળ વધે છે. હવે નમન પટેલ શરીરથી આ જગતમાં રહે કે નહીં, એના ડીએનએથી અને એના જિન્સના વહનથી આ ધરતી પર અમર થઈ જશે! હવે મારા શરીરમાં તને રોપીને હું રાહ જોઉં છું કે તું ક્યારે એક હસતું-રમતું બાળક બનીને મારી કૂખમાંથી ફરી અવતરે.

મારી મમ્મી ક્યારેક કહેતી કે લગ્નનાં અમુક વર્ષો પછી પતિ એની પત્ની માટે એક સંતાન જ બની જાય છે... મને લાગે છે, આવનારા થોડા મહિનાઓમાં તું પણ મારું સંતાન બનીને મારા ખોળામાં રમતો હોઈશ. જાણે તારું જ મિનિએચર સ્વરૂપ ફરી એક વાર મારા ખોળામાં રમાડીને તને બાળપણમાં નહીં જોયાનો અફસોસ ઓછો થઈ જશે...

દરેક સ્ત્રીને એના પતિનું બાળપણ જોવાનો મોહ હોય છે, મને પણ છે...

હું તારા સંતાનમાં – સૉરી, આપણા સંતાનમાં તારું બાળપણ જોઈશ.

આજના દિવસે મારા માતૃત્વ અને તારા પિતૃત્વની ભેટ સ્વીકારીશને નમન?

વૂડ બી ડૅડીને ખૂબ વહાલ સાથે હેપ્પી એનિવર્સરી...

તારા સંતાનની મા!

– આસ્થા

■

# વર્ષ 3

## ડિયર વૂડ બી મૉમ...

ભયાનક ઇમોશનલ પત્રો લખી શકે છે તું. વાંચતાં વાંચતાં ક્યાંક આંખો ભીંજાઈ જાય તો ક્યાંક એકલા એકલા હસવું આવે. કેટલું વિચારે છે?

જે લોકો જિંદગી વિશે ખૂબ વિચારે છે એ જિંદગીને માણતા નથી - ફક્ત જાણે છે. હું જિંદગીને માણવામાં માનું છું, જાણવામાં નહીં. વન ડે એટ અ ટાઇમ જીવું છું. પતિ-પત્નીના સંબંધ વિશે આ જગતમાં એક કરોડ પુસ્તકો લખાયાં છે. તેમ છતાં આજ સુધી આ સંબંધને કોઈ પૂરેપૂરો સમજી શક્યું નથી. ખરેખર તો આ એક એવી રિલેશનશિપ છે, જેમાં સમજવાની નહીં, સહજ થઈ જવાની જરૂર છે.

હું નથી બોલતો, ઓછી વાત કરું છું, તારી સાથે મારા મનની વાત શૅર નથી કરતો... કદાચ સાચું હશે, પણ હું આવો જ છું. તારી સાથે અને બીજાઓ સાથે જુદો છું એવું નથી. મને મારી વાત કહેવી ગમતી નથી... મેં તને પૂછ્યું હતું એવું હું ખરેખર માનું છું. જો તું મારું ટેન્શન ઘટાડી ન શકવાની હોય તો તને મારું ટેન્શન જણાવવાની જરૂર શી? અને મારી ઑફિસના પ્રશ્નો કે મારું ટેન્શન 'મારા' છે. જ્યાં સુધી મારું વજન હું ઊંચકી શકું ત્યાં સુધી એને વહેંચવાની જરૂર મને લાગતી નથી. તું કદાચ જુદું માનતી હોય, પણ જ્યાં સુધી મારી વાત છે ત્યાં સુધી હું જે માનું છું એ પ્રમાણે વર્તું છું.

લગ્નનાં ત્રણ વરસ પછી પણ તારો રોમાન્સ ઘટતો નથી એ જાણીને નવાઈ લાગે છે. સાચું કહું? મેં તને પહેલા દિવસે જ કહ્યું હતું કે હું રોમૅન્ટિક માણસ નથી.

સંવાદ, વિસંવાદ, વિવાદ જેવા શબ્દો મને અપીલ નથી કરતા.

હું તો સીધીસાદી સરળ જિંદગી જીવવામાં માનું છું. કોઈ ગૂંચવે તો મારી જિંદગીને ગૂંચવ્યા વિના બને તેટલી સલૂકાઈથી બહાર કાઢી લેવાનો પ્રયત્ન કરું છું.

રહી વાત સંતાનના જન્મની. તો મારે માટે આવનારું સંતાન આનંદની વાત છે જ. પણ તું એને જેટલા રોમાન્સ સાથે જોઈ શકે છે એવું હું વિચારી કે જોઈ શકું એમ નથી. તને કદાચ નહીં સમજાય, પણ એક પુરુષ માટે સંતાનનો જન્મ બહુ મોટી જવાબદારી હોય છે. મારે મારા સંતાનને એ બધું જ આપવું છે, જે એક ઉત્તમ ઉછેર માટે એને મળવું જોઈએ.